**RAM M. MISTRY**
B.Com., LL.B.
**ADVOCATE**

**Residence/Office:**
*71, Patel Wadi No. 2,*
*Lal Darwaja, Surat.*-395003
Mo. No. :99251 22665

Ref :-

Date : 26/02/2019

# -:: ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ ::-

વિષય :- સુરત : ડિસ્ટ્રીક્ટ, સબ ડિસ્ટ્રીક્ટ તાલુકે : ચોર્યાસીના મોજે **ગામ : દેલાડવાના રે. સર્વે નં. ૨૮૯, જેનો બ્લોક નંબર: ૩૭૪ વાળી બિનખેતીની જમીનમાં** આયોજન કરેલ **"શ્યામ વાટીકા"** નામની ઓળખાતી એસ્ટેટમાં મંજુર થયેલ પ્લાન મુજબ **બિલ્ડીંગ-ડી** નામથી ઓળખાતી આશરે **૧૭૩.૬૮ ચો.મી. ખુલ્લી જમીન** તથા સમગ્ર વસાહતની સહીયારી સગવડો જેવી કે રસ્તા, માર્જીન તથા સી.ઓ.પી. વિગેરેની ફાળે પડતી સુમારે ૧૮૩.૫૮ ચો.મી. જમીન મળી કુલ સુમારે ક્ષેત્રફળ ૩૫૭.૨૬ ચો.મી. ખુલ્લી જમીન અન્ય કબજેદારો સાથે સંયુક્તમાં વાપરવાના રાસુકા હક્કો સહીતની **જમીનના ટાઈટલ રીપોર્ટ બાબત.**

માલીક :- **મે. રામ કોર્પોરેશન -** એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી,
રજી. ઓફિસ : બિલ્ડીંગ-ડી, બ્લોક નં. ૩૭૪, દેલાડવા, તા. ચોર્યાસી, જી. સુરતના વતી અને તરફે ભાગીદારી પેઢીના ભાગીદારો તરીકે.
**(૧) અમર કાંતિલાલ દેસાઈ અને (૨) કાંતિલાલ ધીરજલાલ દેસાઈ**
બંને રહેવાસી : ૧૮૫, નવુ ફળીયુ, દેલાડવા, તા. ચોર્યાસી, જી. સુરતના.

ઉપરોક્ત વિષય પરત્વે મારી રૂબરૂમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી ટાઈટલ રીપોર્ટની માંગણી કરેલ છે.

<u>રજુ કરેલ દસ્તાવેજી પુરાવો :-</u>

(૧) ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ.
(૨) ગામ નમુના નં. ૮/અ ની નકલ.
(૩) ગામ નમુના નં. ૬(હક્ક પત્રક) ની નકલ
(૪) સદર પેઢીના પાન કાર્ડની નકલ (AAYFR 7885C)
(૫) સદર પેઢીના ભાગીદારી દસ્તાવેજની નોટોરાઈઝડ સીરીયલ નં.૮૬૪૯/૨૦૧૮ તા.૧૬/૧૧/૨૦૧૮ ની નકલ.
(૬) સદર ભાગીદારી પેઢીનું રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સ, સુરતની કચેરીમાં, ફર્મ નં. GUJSR103053, તા.૧૦/૧૨/૨૦૧૮ ના રોજ નોંધણી થયેલ તેના ફોર્મ-જી ની નકલ અસલ.

RAM M. MISTRY M.No. G/2313/2017 SURAT ADVOCATE

(૭) રજી. વેચાણ દસ્તાવેજ નં. ૪૦૩, તા.૨૯/૦૧/૨૦૧૯ ની નકલ તથા તેની રજીસ્ટ્રેશન ફી ની રસીદ તથા ઈન્ડેક્ષ-૨ ની નકલ.

(૮) રજી. વેચાણ દસ્તાવેજ નં ૪૧૯૯, તા.૧૦/૧૦/૨૦૧૭ ની નકલ તથા તેની રજીસ્ટ્રેશન ફી ની રસીદ અને ઈન્ડેક્ષ-૨ ની નકલ.

(૯) સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા આપવામાં આવેલ બાંધકામની પરવાનગી (વિકાસ પરવાનગી) નં. સુડા/યુ.૪/વિપઅ-૮૪૦૬-અ,બ/૯૬૭ તા. ૦૬/૦૩/૨૦૧૨ ની નકલ.

(૧૦) કલેક્ટરશ્રી સુરતના તરફથી આપવામાં આવેલ બિનખેતીના હુકમ નં. એ/બખપ/સુડા/એસ.આર.નં.૧૧૨/૧૧/વશી.૭૦૪૪/૨૦૧૧, તા.૨૩/૧૧/૨૦૧૧ ની નકલ.

(૧૧) સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરતનાએ તા.૦૭/૦૭/૨૦૧૦ ના રોજ આપેલ ઝોનીંગ સર્ટીફીકેટની નકલ તથા પાર્ટ પ્લાનની નકલ.

(૧૨) મંજુર થયેલ પ્લાનની કોપી.

(૧૩) કે.બી. મારકણા એડવોકેટ દ્વારા આપવામાં આવેલ તા. ૧૫/૦૧/૨૦૧૩ ના ટાઈટલ ક્લીયર રીપોર્ટની નકલ.

(૧૪) નાયબ ક્લેક્ટર ઓલપાડ પ્રાંત સુરત દ્વારા આપવામાં આવેલ હુકમ નં. ગણત/રીવ્યુ/૭૦(એ)/રજી નં. ૨૩૫/૨૦૧૧, તા. ૦૫/૦૪/૨૦૧૮ ની નકલ.

(૧૫) અમોએ કઢાવેલ સબ રજીસ્ટ્રાર સુરત સીટી-૧ (અઠવા),સુરતમાંથી સને ૧૯૮૮-૧૯૯૮ ના વર્ષની સર્ચ રસીદ નં.૨૦૧૯૦૧૮૦૧૪૧૯૮, તા.૨૬/૦૨/૨૦૧૯ ની અસલ તથા સબ રજીસ્ટ્રાર-૩ (નવાગામ) સુરતમાંથી સને ૧૯૯૯-૨૦૧૨ ના વર્ષની સર્ચની રસીદ નં. ૨૦૧૯૦૨૦૦૦૭૫૦૧, તા.૨૫/૦૨/૨૦૧૯ તથા સબ રજીસ્ટ્રાર - ૬ (કુંભારીયા) માંથી લીધેલ સને ૨૦૧૨-૧૯ ના વર્ષની રસીદ નં. ૨૦૧૯૩૨૦૦૦૨૨૨૯ તા.૨૫/૦૨/૨૦૧૯ તથા મિલકત પરના બોજા અંગેનુ પત્રક અસલ.

**આથી લાગતા વળગતા તમામને આ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટથી જાહેર કરવાનુ કે,**

ડિસ્ટ્રીક્ટ, સુરત, સબ-ડીસ્ટ્રીક્ટ તાલુકે ચોર્યાસીના મોજે ગામ : દેલાડવાના રે. સર્વે નં. ૨૮૯ વાળી ખેડખાતાની જુની શરતની ખેતીની જમીનના મુળ માલીક તરીકે પાર્વતીબેન તે કલ્યાણજી ગોવિંદજીની વિધવાની માલીકી, કબજા ભોગવટાની સને ૧૯૫૮ ના અરસાથી ચાલી આવેલી. મજકુર દેલાડવા ગામે સરકારશ્રી દ્વારા એકત્રીકરણ યોજના અમલમાં આવતા મહે. સેટલમેન્ટ કમિશ્નરશ્રી અમદાવાદના હુકમ નં. ઉમસક/કોન/સુરત-૫૪૩, તા. ૨૧/૦૩/૧૯૭૭ હુકમથી મંજુર થયેલ યોજના અન્વયે રે. સર્વે નં. ૨૮૯ વાળી જમીનને બ્લોક નં. ૩૭૪ આપવામાં આવેલ. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતેર હકક પત્રક (રેકર્ડ

RAM M. MISTRY
M.No. G/2313/2017
SURAT
ADVOCATE

ઓફ રાઈટ્સ) નમુના નં. ૬ માં નોંધ નં.૧૨૯૨ થી તા.૦૧-૦૮-૧૯૭૮ ના રોજ થયેલ. જે નોંધ પ્રમાણિત થયેલ.

મજકુર જમીનના માલીક પાર્વતીબેન તે કલ્યાણજી ગોવિંદજીની વિધવા પાસેથી સદરહુ જમીન (૧) કાંતિલાલ ધીરજલાલ દેસાઈ તથા (૨) કૃષ્ણલાલ છગનલાલ દેસાઈએ રજી. વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ અને માલીક બનેલા. જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા.૦૭/૧૦/૧૯૮૩ ના રોજ નોંધાયેલ છે. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટ્સ (હક્ક પત્રક) નમુના નં. ૬ માં નોંધ નં. ૧૫૭૩ થી તા. ૨૨/૦૯/૧૯૮૫ ના રોજ થયેલ. જે નોંધ તા. ૦૭/૧૦/૧૯૮૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ. આમ, સદરહુ જમીનના માલીકો (૧) કાંતિલાલ ધરીજલાલ દેસાઈ (૨) કૃષ્ણલાલ છગનભાઈ દેસાઈની સંયુક્ત માલીકી, કબજા ભોગવટાની થયેલ.

મજકુર જમીનના માલીકો કાંતિલાલ ધરીજલાલ દેસાઈ વિગેરે પાસેથી સદરહુ બ્લોક નં. ૩૭૪ વાળી ખેતીની જમીન (૧) દેવચંદભાઈ જીવરાજભાઈ ગોંડલીયા (૨) બિપીનભાઈ દેવચંદભાઈ ગોંડલીયા (૩) કલ્પેશભાઈ દેવચંદભાઈ ગોંડલીયા (૪) રણછોડભાઈ ભીખાભાઈ ઘેલાણી-એચ.યુ.એફ. (૫) નાનજીભાઈ વેલજીભાઈ ગોયાણી (૬) અશ્વિનભાઈ ગોવિંદભાઈ હિરપરાએ રજી. વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ અને માલીક બનેલા. જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ મહે. નાવાગામ (સુરત) ના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૨૧૨૪૯ થી તા. ૨૩-૧૨-૨૦૧૦ ના રોજ નોંધાયેલ છે. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટ્સ (હક્ક પત્રક) નમુના નં. ૬ માં નોંધ નં. ૨૯૪૪ થી તા.૧૪-૦૩-૨૦૧૧ ના રોજ થયેલ. જે નોંધ સર્કલ ઓફિસર, નવાગામએ તા.૨૯-૦૬-૨૦૧૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ. આમ, સદરહુ જમીનના માલીકો દેવચંદભાઈ જીવરાજભાઈ ગોંડલીયા વિગેરેની સંયુક્ત માલીકી, કબજા, ભોગવટાની ચાલી આવેલી.

સદરહુ જમીનને રહેણાંક તથા વાણિજ્યના હેતુ માટે બીનખેતીની કરવા સારૂ અરજી કરતા, મહે. કલેક્ટરશ્રી, સુરતના હુકમ નં. એ/બખપ/સુડા/એસ.આર.નં. ૧૧૨/૧૧, વશી.૭૦૪૪/૨૦૧૧, તા.૨૩-૧૧-૨૦૧૧ ના હુકમથી સદરહુ જમીન પૈકી ૭૭૬૮ ચો.મી. જમીનને રહેણાંકના હેતુ માટે તથા સુમારે ૪૨૭ ચો.મી. જમીનને વાણિજ્યના હેતુ માટે બિનખેતીની પરવાનગી આપવામાં આવેલ છે. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે હક્ક પત્રક નમુના નં. ૬ માં નોંધ નં. ૩૦૨૪ થી તા. ૦૯-૦૨-૨૦૧૨ ના રોજ થયેલ. જે નોંધ તા. ૦૯/૦૭/૨૦૧૨ ના રોજ પ્રમાણિત થયેલ. સદરહુ જમીનમાં બાંધકામ અંગેના પ્લાન સુરત શહેરી વિકાસ સત્તામંડળએ તેમની વિકાસ પરવાનગી નં. સુડા/યુ.૪/વિપઅ-૮૪૦૬-અ,બ/૯૬૭, તા. ૦૬/૦૩/૨૦૧૨ ના હુકમથી પ્લાન મંજુર કરીને બાંધકામ/વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે.

RAM M. MISTRY
M.No. G/2313/2017
SURAT.
ADVOCATE

મજકુર જમીનના સંયુક્ત માલીકો (૧) દેવચંદભાઈ જીવરાજભાઈ ગોંડલીયા (૨) બિપીનભાઈ દેવચંદભાઈ ગોંડલીયા (૩) કલ્પેશભાઈ દેવચંદભાઈ ગોંડલીયા (૪) રણછોડભાઈ ભીખાભાઈ ઘેલાણી-એચ.યુ.એફ (૫) નાનજીભાઈ વેલજીભાઈ ગોયાણી (૬) અશ્વિનભાઈ ગોવિંદભાઈ હીરપરા તથા (૭) વિપુલભાઈ નટવરભાઈ પટેલએ સાથે મળીને તા.૧૫-૦૩-૨૦૧૨ ના રોજ મે. દેવ કોર્પોરેશનની ભાગીદારી પેઢી બનાવેલ અને સદરહુ ભાગીદારી પેઢીમાં (૧) દેવચંદભાઈ જીવરાજભાઈ ગોંડલીયા (૨) બિપીનભાઈ દેવચંદભાઈ ગોંડલીયા (૩) કલ્પેશભાઈ દેવચંદભાઈ ગોંડલીયા (૪) રણછોડભાઈ ભીખાભાઈ ઘેલાણી-એચ.યુ.એફ (૫) નાનજીભાઈ વેલજીભાઈ ગોયાણી (૬) અશ્વિનભાઈ ગોવિંદભાઈ હીરપરાએ પોતાની સ્વંતત્ર સહમાલીકીની સદરહુ મોજે ગામ દેલાડવાના સર્વે નં. ૨૮૯, બ્લોક નં. ૩૭૪ થી નોંધાયેલી બીનખેતીની જમીન પોતાની કેપીટલ મુડી તરીકે લાવેલા. જે ભાગીદારી અંગેનો દસ્તાવેજ નોટરીશ્રી કે.ડી. બગડીયા નોટરી રૂબરૂ તેમના રજીસ્ટરમાં સીરીયલ નં. ૪૧૬૬, તા. ૩૧/૦૩/૨૦૧૨ ના રોજ એક્ઝીક્યુટ થયેલ છે. જે અંગેની નોંધ ગામ દફતરે આવેલ અરજી, ભાગીદારીનો લેખ, રજીસ્ટર્ડ ફોર્મ-જી ની ખાત્રી કરી, ગામ દફતરે ગામ નમુનો હક્કપત્રક નં. ૬ માં એન્ટ્રી નં. ૩૦૭૨ થી તા. ૦૧-૦૯-૨૦૧૨ ના રોજ પડેલ છે અને સદરહુ એન્ટ્રી તા. ૦૧/૦૧/૨૦૧૩ ના રોજ પ્રમાણિત થયેલ છે. એ રીતે સદરહુ જમીન મે. દેવ કોર્પોરેશન-એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી (જે રજીસ્ટ્રાર ઓફ ફર્મની કચેરીમાં નં. GUJ/SRT/(17)34363 થી તા. ૧૧-૦૬-૨૦૧૨ ના રોજ નોંધાયેલ છે.) માલીક કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલી.

ત્યારબાદ મે. દેવ કોર્પોરેશન નામની ભાગીદારી પેઢીએ સદરહુ જમીનમાં મંજુર થયેલ પ્લાન મુજબ **"શ્યામ વાટીકા"** નામના પ્રોજેક્ટમાં જુદા જુદા બિલ્ડીંગોનું આયોજન કરી રેસીડેન્શીયલ ફ્લેટ્સ તથા કોર્શીયલ દુકાનોનું બાંધકામ કરવાનુ આયોજન કરેલ.

મજકુર મે. દેવ કોર્પોરેશન-એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢીના ભાગીદારો પૈકી રણછોડભાઈ ભીખાભાઈ ઘેલાણી-એચ.યુ.એફ ને મજકુર મે. દેવ કોર્પોરેશન એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢીમાંથી છુટા કરવામાં આવેલા તથા નવા ભાગીદાર તરીકે રણછોડભાઈ ભીખાભાઈ ઘેલાણીને અંગત હેસીયતથી દાખલ કરવામાં આવેલા. જે પુરક ભાગીદારી ફેરફારનો દસ્તાવેજ તા.૨૭-૦૭-૨૦૧૨ ના રોજ નોંધાયેલ છે. જે ભાગીદારી દસ્તાવેજ કે.ડી. બગડીયા નોટરી રૂબરૂ સીરીયલ નં. ૨૧૦ થી તા. ૦૩/૦૧/૨૦૧૩ ના રોજ નોંધાયેલ છે.

ત્યારબાદ સદર બ્લોક નં. ૩૭૪ વાળી જમીનની ૭/૧૨ માં સુધારો કરવા માટે મામલતદારશ્રી, ચોર્યાસીએ નં. ઈ-ધરા/મોજે. દેલાડવા/બ્લોક નં. ૩૭૪/સુધારા હુકમ રજી. નં. ૯/૧૫/વશી. ૨૩૮૮/૧૪ થી તા. ૨૮/૦૧/૨૦૧૫ ના રોજ હુકમ કરેલ છે. જે સુધારા હુકમ આધારે મોજે દેલાડવા, તા. ચોર્યાસીના બ્લોક નં. ૩૭૪ વાળી જમીન પૈકી વેચાણ આપતા બાકી રહેતી ૩ ગુઠા એટલે કે ૩૦૩ ચો.મી. જમીનમાં મુળ કબ્જેદાર તરીકે કાંતિલાલ ધીરજલાલ તથા કૃષ્ણલાલ છગનલાલના નામો દાખલ કરવામાં આવેલ છે. જે અંગેના હુકમની નોંધ ગામ દફતરે ગામ નમુનો હક્ક પત્રક નં. ૬ માં એન્ટ્રી નં. ૩૪૦૭ થી તા. ૨૪/૦૨/૨૦૧૫ ના રોજ પડેલ છે અને સદરહુ એન્ટ્રી તા. ૨૪/૦૪/૨૦૧૫ ના રોજ પડેલ છે.

RAM M. MISTRY
M.No. G/2313/2017
SURAT.
ADVOCATE

ત્યારબાદ મજકુર મે. દેવ કોર્પોરેશન એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢીમાંથી (૧)નાનજીભાઈ વેલજીભાઈ ગોયાણી તથા (૨) રણછોડભાઈ ભીખાભાઈ ઘેલાણી તા. ૩૧/૦૩/૨૦૧૭ ના રોજ સ્વેચ્છીક રીતે છુટા થયેલ પરંતુ તે અંગેનું જરૂરી લખાણ કરવાનુ બાકી હોવાથી, તા.૧૬/૦૬/૨૦૧૭ ના રોજ ભાગીદારીના બંધારણમાં ફેરફારનો દસ્તાવેજ કરવામાં આવેલ. જે મુજબ ભાગીદારી પેઢીના હિસાબો આખરી કરવામાં આવેલ. જે મુજબ (૧) નાનજીભાઈ વેલજીભાઈ ગોયાણી તથા (૨) રણછોડભાઈ ભીખાભાઈ ઘેલાણીને મજકુર પેઢીમાંથીભાગીદારો તરીકે કાયમી છુટા કરવામાં આવેલ તથા તેમના ભાગીદારીમાં હીસ્સા મુજબ શ્યામ વાટીકા નામથી ઓળખાતી એસ્ટેટમાં મંજુર થયેલ પ્લાન મુજબ **બિલ્ડીંગ નં. "ડી"** નામથી ઓળખાતી આશરે ૬૬૦.૮૮ ચો.મી. મંજુર પ્લાન પ્રમાણે બીલ્ટઅપ વિસ્તારની બાંધી લેવાના હક્કો સહીત તથા તેની તળની કબજા હક્કો સાથેની આશરે ૧૭૩.૬૮ ચો.મી. જમીન તથા સમગ્ર વસાહતની સહીયારી સગવડો જેવી કે રસ્તા, માર્જીન તથા સી.ઓ.પી. વિગેરેની ફાળે પડતી સુમારે ૧૮૩.૫૮ ચો.મી. જમીન મળી કુલ સુમારે ક્ષેત્રફળ ૩૫૭.૨૬ ચો.મી. જમીન અન્ય કબજેદારો સાથે સંયુક્તમાં વાપરવાના રસુકા હક્કો સહીતની જમીન મજકુર છુટા થતા ભાગીદારો યાને (૧) નાનજીભાઈ વેલજીભાઈ ગોયાણી તથા (૨) રણછોડભાઈ ભીખાભાઈ ઘેલાણીને પેઢીમાં હીસાબ મુજબ ભાગીદારી હીસ્સા મુજબ વળતર તરીકે અને ભાગીદારીમાં નફા તરીકે આપવામાં આવેલ. જે અંગેનો ભાગીદારીના બંધારણમાં ફેરફારનો દસ્તાવેજ મહે. કુંભારીયા (સુરત) ના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૨૩૬૧, તા. ૧૬-૦૬-૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટ્સ નમુના નં. ૬ માં નોંધ નં. ૩૭૧૪ થી તા.૨૮/૦૭/૨૦૧૭ ના રોજ થયેલ છે અને સદરહુ એન્ટ્રી તા. ૧૭/૧૦/૨૦૧૭ ના રોજ પ્રમાણિત થયેલ છે. મજકુર દસ્તાવેજના લેખમાં ભાગીદારો પૈકી રણછોડભાઈ ભીખાભાઈ ઘેલાણીની હીસ્સાની મિલકત એચ.યુ.એફ. ના ખાતામાં દર્શાવેલ હોય, સદર મિલકત ખરી હકીકતમાં વ્યક્તિગત ખાતાની હોય, જેથી દસ્તાવેજમાં નામમાં સુધારા અંગેનો દસ્તાવેજ કરવામાં આવેલ. જે અંગેનો સુધારાનો દસ્તાવેજ મહે. કુંભારીયા (સુરત) ના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૩૬૮૭ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે.

ત્યારબાદ મજકુર માલીક (૧) નાનજીભાઈ વેલજીભાઈ ગોયાણી તથા (૨) રણછોડભાઈ ભીખાભાઈ ઘેલાણી પાસેથી **સદરહુ બિલ્ડીંગ નં. ડી** નામથી ઓળખાતી આશરે ૬૬૦.૮૮ ચો.મી. મંજુર પ્લાન પ્રમાણે બીલ્ટઅપ વિસ્તારની બાંધી લેવાના હક્કો સહીત તથા તેની તળની કબજા હક્કો સાથેની આશરે ૧૭૩.૬૮ ચો.મી. જમીન તથા સમગ્ર વસાહતની સહીયારી સગવડો, જેવી કે રસ્તા, માર્જીન તથા સી.ઓ.પી. વિગેરેની ફાળે પડતી સુમારે ૧૮૩.૫૮ ચો.મી. જમીન મળી કુલ સુમારે ૩૫૭.૨૬ ચો.મી. જમીન અન્ય કબજેદારો સાથે સંયુક્તમાં વાપરના રાસુકા હક્કો સહીતની જમીન (૧) દલસુખભાઈ વેલજીભાઈ ગોયાણી (૨) પિયુષ દલસુખભાઈ ગોયાણી (૩) પ્રિતેશ પ્રવિણભાઈ કેવડીયા (૪) જયમિન પ્રેમજીભાઈ લવાણીએ

RAM M. MISTRY
M.No.
G/2313/2017
SURAT.
ADVOCATE

રજી. વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ અને માલીક બનેલા. જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ મહે. કુંભારીયા (સુરત) ના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૪૧૯૯ થી તા.૧૦-૧૦-૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનના ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટ્સ (હકક પત્રક) નમુના નં. ૬ માં નોંધ નં. ૩૭૪૫ થી તા.૧૪-૧૧-૨૦૧૭ ના રોજ થયેલ. જે નોંધ તા.૦૧-૦૧-૨૦૧૮ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ બ્લોક નં. ૩૭૪ સહીત અન્ય બ્લોકવાળી જમીનમાં વધારાના મામલતદાર અને કૃષિપંચ (ગણોત) ચોર્યાસી સુરતના હુકમ નં. ગણોત/કેસ નં. ૨૦૩/૨૦૦૩, તા.૧૯/૦૬/૨૦૦૩ અન્વયે ગ.ધા.ક.૭૦ (એ) મુજબની કાર્યવાહી ચાલુમાં હોય જે હુકમની નોંધ નાયબ કલેકટરશ્રી ઓલપાડ પ્રાંત સુરતના પત્ર નં. ગણત/રીવ્યુ/૫ડતર/વશી.૧૭૧/૨૦૧૬ તા. ૧૯/૦૨/૨૦૧૬ અને ૭/૧૨ આધારે એન્ટ્રી નં. ૩૫૬૮,તા. ૦૫/૦૪/૨૦૧૬ થી કરવામાં આવેલ છે. સદર એન્ટ્રી તા. ૦૬/૦૬/૨૦૧૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે. તેના અનુસંધાને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંત સુરત દ્વારા આપવામાં આવેલ હુકમ નં. ગણત/રીવ્યુ/૭૦(એ)/રજી.નં. ૨૩૫/૨૦૧૧ તા. ૦૫/૦૪/૨૦૧૮ થી વારસાગત ખેડુત હોવાનુ ઠરાવેલ છે તેવો હુકમ કરવામાં આવેલ છે.

ત્યારબાદ મજકુર માલીક (૧) દલસુખભાઈ વેલજીભાઈ ગોયાણી (૨) પિયુષ દલસુખભાઈ ગોયાણી (૩) પ્રિતેશ પ્રવિણભાઈ કેવડીયા (૪) જયમિન પ્રેમજીભાઈ લવાણી પાસેથી સદર મોજે **ગામ : દેલાડવાના રે. સર્વે નં. ૨૮૯, જેનો બ્લોક નંબરઃ ૩૭૪ વાળી બિનખેતીની જમીનમાં** આયોજન કરેલ **"શ્યામ વાટીકા"** નામની ઓળખાતી એસ્ટેટમાં મંજુર થયેલ પ્લાન મુજબ **બિલ્ડીંગ-ડી** નામથી ઓળખાતી આશરે **૧૭૩.૬૮ ચો.મી. ખુલ્લી જમીન** તથા સમગ્ર વસાહતની સહીયારી સગવડો જેવી કે રસ્તા, માર્જીન તથા સી.ઓ.પી. વિગેરેની ફાળે પડતી સુમારે ૧૮૩.૫૮ ચો.મી. જમીન મળી કુલ સુમારે ક્ષેત્રફળ **૩૫૭.૨૬ ચો.મી. ખુલ્લી** જમીન અન્ય કબજેદારો સાથે સંયુક્તમાં વાપરવાના રાસુકા હકકો સહીતની જમીન **મે. રામ કોર્પોરેશન**-એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી વતી અને તરફે ભીગાદીરી પેઢીના ભાગીદારો **(૧) અમર કાંતિલાલ દેસાઈ અને કાંતિલાલ ધીરજલાલ દેસાઈ**એ તા. ૨૯-૦૧-૨૦૧૯ ના રોજ થયેલ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. જે વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ રજીસ્ટ્રાર-૬ (કુંભારીયા) સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૪૦૩ થી તા. ૨૯-૦૧-૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુનો હકક પત્રક નં. ૬ માં કાચી એન્ટ્રી નં. ૩૮૬૪ થી તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ પડેલ છે. એ રીતે સદરહુ જમીનના **મે. રામ ડેવલોપર્સ** નામની ભાગીદારી પેઢી એકલા, સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક, કબજેદાર થયેલા અને ચાલી આવેલા છે અને સદર જમીન ઉપર **બિલ્ડીંગ-ડી** નું આયોજન કરેલ છે.

RAM M. MISTRY
M.No.
G/2313/2017
SURAT.
ADVOCATE

આમ, ઉપરોક્ત તમામ હકીકતો તથા મારી સમક્ષ રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ, ગામ નમુના નં. ૭/૧૨ (પ્હાણીપત્રક), ૮-અ તથ હક્ક પત્રક નં. ૬ ની નકલ તથા અમોએ લીધેલ ૩૦ વર્ષની સર્ચ તથા મિલકત પરના બોજા અંગેનું પત્રક અસલ જોતા-તપાસતા ઉપરોક્ત વિષયમાં દર્શાવેલ બીનખેતીની જમીન તથા તેના ઉપર આયોજીત "બિલ્ડીંગ-ડી" વાળી મિલકતના **મે. રામ કોર્પોરેશન** નામની ભાગીદારી પેઢી એકલા, સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક, કબજેદાર છે અને તેની રૂએ સદરહુ મિલકતનો તમામ પ્રકારનો વહીવટ, ઉપયોગ, ઉપભોગ, વેચાણ, ગીરો, બક્ષીસ વિગેરે કરવાનો તેઓને સંપૂર્ણ હક્ક અને અધિકાર છે. અને સદરહુ જમીન/મિલકત તદ્દન ન બોજી, ન કરજી છે અને સદરહુ જમીન/મિલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનો મારો અભિપ્રાય છે. જે બદલનુ આ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવે છે.

તારીખ :- ૨૬/૦૨/૨૦૧૯

સ્થળ :- સુરત

RAM M. MISTRY
M.No.
G/2313/2017
SURAT.
ADVOCATE

X (signature) 26/02/2019

( રામ એમ. મિસ્ત્રી )

**એડવોકેટ**

# અરજી પહોંચ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૧૯૦૧૮૦૧૪૧૯૮ | અરજી નંબર | ૮૯૦૪ | અરજી વર્ષ | ૨૦૧૯ |
| તારીખ | ૨૬ | માહે | ફેબ્રુઆરી | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ રામ એમ નિસ્ત્રી(દેલાડવા બ્લોક નં 374)

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.......... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.......... | |
| શેરોની નકલ કરવા માટે ફી.......... | |
| ટપાલ ખર્ચ.......... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......... | |
| શોધ અગર તપાસણી..........Year: 1988 1998 | ૬૫.૦૦ |
| દંડ કલમ-૨૫.......... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ).......... | |
| નકલ ફી ફોલીયો.......... | |
| ઈન્ડેક્ષ-૨ ફી .......... | |

| કુલ એકંદરે રૂ. | ૬૫.૦૦ |
|---|---|

અંકે રૂપીયા પાસાંઠ પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB REGISTRAR
સબ રજીસ્ટ્રાર સુરત સીટી-૧
सत्यमेव जयते
(અઠવા નો સિક્કો)
SURAT CITY-1, (ATHVA)

J.C.Bhatporia
સબ રજીસ્ટ્રાર
સુરત - 1 City

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં 374

Search in : દેલાડવા /DE_ADVA

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૮૧૯૦૨૦૦૦૭૫૮૧ | અરજી નંબર | ૫૩૯૧ | અરજી વર્ષ | ૨૦૧૯ |
| તારીખ | ૨૫ | મ.હે | ફેબ્રુઆરી | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ રામ એમ.મિસ્ત્રી

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

THE SEAL OF THE SUB REGISTRAR સબ રજીસ્ટ્રાર સુરત-3, (નવાગામ) (કામરેજ) SURAT-3, (NAVAGAM)

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................................ | |
| નકલ કરવા ની ફી સાઇડ / ફોલીયો............................. | |
| શેરોની નકલ કરવા માટે ફી........................................ | |
| ટપાલ ખર્ચ.............................................................. | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......................... | |
| શોધ અગર તપાસણી............Year: 1999 2012 | ૮૦.૦૦ |
| દંડ કલમ-૨૫........................................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )................................................ | |
| નકલ ફી ફોલીયો...................................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................................... | |
| કુલ એકંદરે રૂ. | ૮૦.૦૦ |

અંકે રૂપીયા એંશી પુરા

દસ્તાવેજ

---------- ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

--------------- આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશે.

K. P. Prajapati
સબ રજીસ્ટ્રાર
સુરત - 3 Navagam

IGR-NIC(G) -6912503798491295793 (W) ૨૫/૦૨/૨૦૧૯ 12:12:32

# અરજી પહોંચ

નિલ્કત નું વર્ણન : બ્લોક નં 374/ડી

Search in : દેલાડવા /DELADVA

| પહોંચ નંબર | ૨૦૧૯૩૨૦૦૦૨૨૨૯ | અરજી નંબર | ૧૨૭૨ | અરજી વર્ષ | ૨૦૧૯ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૨૫ | માહે | ફેબ્રુઆરી | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ રામ એમ મિસ્ત્રી.

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................ | |
| નકલ કરવા ની ફી સ્લાઈડ / ફોલીયો.................... | |
| શેરોની નકલ કરવા માટે ફી.............................. | |
| ટપાલ ખર્ચ................................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )................ | |
| શોધ અગર તપાસણી............Year: 2012 2019 | ૧૫૦.૦૦ |
| દંડ કલમ-૨૫............................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )...................................... | |
| નકલ ફી ફોલીયો.......................................... | |
| ઈન્ડેક્ષ-ર ફી ............................................ | |
| કુલ એકંદરે રૂ. | ૧૫૦.૦૦ |

અંકે રૂપીયા એક સો પચાંસ પુરા

દસ્તાવેજ ___________ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ______________ આવશે.

કચેરીમાં આપવામા

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

Ramchandra Mohanlal Panchal
સબ રજીસ્ટ્રાર
સુરત - 6 કુંભારીયા

2012 સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

2019 મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in : રામ એમ મિસ્ત્રી અરજી નંબર : 1272 ગામ નું નામ : DELADVA

મિલ્કતનું વર્ણન : બ્લોક નં 374/ડી

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) Surat-6(Kumbharia) મા -7 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા________________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

**નોંધ** :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સંબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તો જણાવવુ) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબધમા પ્રતિવાદીનુ નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબધમા વાદીનુ નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ભાગીદારીમાં ફેરફાર<br>રૂા.0.00 | બ્લોક નંબર 374 વાળી બિનખેતીની જમીનમા શ્યામ વાટીકા મા બીલ્ડીગ ડી જેનુ ક્ષેત્રફળ 660.88 ચો.મી. તેને લગતી નકશમાં લાલ રંગની 173.68 ચો.મી. જમીન<br>તથા રસ્તા, માર્જીન તથા સી.ઓ.પીની ફાળે પડતા હિસ્સાની 183.58 ચો.મી.<br>મળી કુલ 357.26 ચો.મી. | | | પહેલા પક્ષવાળા- દેવચંદભાઇ જીવરાજભાઇ ગોંડલીયા<br>પહેલા પક્ષવાળા- બિપીનભાઇ દેવચંદભાઇ ગોંડલીયા<br>પહેલા પક્ષવાળા કલ્પેશભાઇ દેવચંદભાઇ ગોંડલીયા<br>પહેલા પક્ષવાળા- અશ્વીનભાઇ ગોવિંદભાઇ હિરપરા<br>પહેલા પક્ષવાળા- વિપુલભાઇ નટવરભાઇ પટેલ<br>બીજા પક્ષવાળા- નાનજીભાઇ વેલજીભાઇ ગોયાણી<br>બીજા પક્ષવાળા- રણછોડભાઇ ભીખાભાઇ ઘેલાણી | દેવ કોર્પોરેશન | 16-06-2017<br>16-06-2017 | 2361 | |

THE SEAL OF THE SUB REGISTRAR * SURAT-6 (KUMBHARIYA) *
સબ રજીસ્ટ્રાર સુરત - ૬ (કુંભારીયા) નો શિક્કો
सत्यमेव जयते

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) Surat-6
(Kumbharia)

પ્રિન્ટ તારીખ : 25/02/2019

2012 સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભગ - ગુજરાત રાજ્ય )

2019 મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in : રામ એમ મિસ્ત્રી અરજી નંબર : 1272 ગામ નું નામ : DELADVA

મિલ્કતનું વર્ણન : બ્લોક નં 374/ડી

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) Surat-6(Kumbharia) મા -7 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા________________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

**નોંધ** :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તો જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સબંધમાં પ્રતિવાદીનુ નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સબંધમાં વાદીનુ નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ.1300000.00 | બ્લોક નંબર 374 વાળી બિનખેતીની જમીનમા શ્યામ વાટીકા મા બીલ્ડીગ ડી ના નામથી ઓળખાતી જમીન જેનુ ક્ષેત્રફળ આશરે 173.68 ચો.મી. જમીન તથા રસ્તા, માર્જીન તથા સી.ઓ.પીની ફાળે પડતા હિસ્સાની 183.58 ચો.મી.<br>મળી કુલ 357.26 ચો.મી. | | | નાનજીભાઇ વેલજીભાઇ ગોયાણી<br>રણછોડભાઇ ભીખાભાઇ ઘેલાણી | દલસુખભાઇ વેલજીભાઇ ગોયાણી<br>પિયુષ દલસુખભાઇ ગોયાણી<br>પ્રિતેશ પ્રવિણભાઇ કેવડીયા<br>જયમિન પ્રેમજીભાઇ લવાણી | 10-10-2017<br>10-10-2017 | 4199 | |

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) Surat-6
(Kumbharia)

2012 સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભગ - ગુજરાત રાજ્ય )

2019 મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in : રામ એમ મિસ્ત્રી અરજી નંબર : 1272 ગામ નું નામ : DELADVA

મિલ્કતનું વર્ણન : બ્લોક નં 374/ડી

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) Surat-6(Kumbharia) મા -7 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા_______________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

**નોંધ** :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધારી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનાગા અથવા આદેશના સબધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનાગા અથવા આદેશના સબધમાં વાદીનુ નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ|.1500000.00 | રે.સર્વે નંબર 289<br>બ્લોક નંબર 374<br>શ્યામ વાટિકા મા મંજુર થયેલ પ્લાન મુજબ બીલ્ડીંગ નંબર ડી જેનુ ક્ષેત્રફળ 173.68 ચો.મી. ખુલ્લી જમીન તથા સમગ્ર વસાહતની સહયારી સગવડો, જેવી કે રસ્તા, માર્જીન તથા સી.ઓ.પી વિગેરેની 183.58 ચો.મી. મળી કુલ 357.26 ચો.મી. ખુલ્લી જમીન. | | | દલસુખભાઇ વેલજીભાઇ ગોયાણી<br>પિયુષ દલસુખભાઇ ગોયાણી<br>પ્રિતેશ પ્રવિણભાઇ કેવડીયા<br>જયમિન પ્રેમજીભાઇ લવાણી | મે. રામ કોર્પોરેશન એક ભાગીદારી પેઢી વતી અને તરફે ભાગીદાર તરીકે અમર કાંતિલાલ દેસાઇ | 29-01-2019<br>29-01-2019 | 403 | |

THE SEAL OF THE SUB REGISTRAR * સબ રજીસ્ટ્રાર સુરત-6 (કુંભારીયા) નો સિક્કો * SURAT-6 (KUMBHARIYA)

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) Surat-6 (Kumbharia)

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

2019

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in : રામ એમ મિસ્ત્રી અરજી નંબર : 1272 ગામ નું નામ : DELADVA

મિલ્કતનું વર્ણન : બ્લોક નં 374/ડી

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) Surat-6(Kumbharia) મા -7 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા_______________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

**નોંધ :** સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોકસાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| સુધારો<br>રૂ.0.00 | બ્લોક નંબર 374 વાળી બિનખેતીની જમીનમા શ્યામ વાટીકા મા બીલ્ડીગ ડી જેનુ ક્ષેત્રફળ 660.88 ચો.મી. તેને લગતી નકશામાં લાલ રંગની 173.68 ચો.મી. જમીન<br>તથા રસ્તા, માર્જીન તથા સી.ઓ.પીની ફાળે પડતા હિસ્સાની 183.58 ચો.મી.<br>મળી કુલ 357.26 ચો.મી. | | | બીજા પક્ષવાળા- નાનજીભાઇ વેલજીભાઇ ગોયાણી<br>બીજા પક્ષવાળા- રણછોડભાઇ ભીખાભાઇ ઘેલાણી | પહેલા પક્ષવાળા- દેવચદભાઇ જીવરાજભાઇ ગોંડલીયા<br>પહેલા પક્ષવાળા- બિપીનભાઇ દેવચંદભાઇ ગોંડલીયા<br>પહેલા પક્ષવાળા કલ્પેશભાઇ દેવચંદભાઇ ગોંડલીયા<br>પહેલા પક્ષવાળા- અશ્વીનભાઇ ગોવિંદભાઇ હિરપરા<br>પહેલા પક્ષવાળા- વિપુલભાઇ નટવરભાઇ પટેલના કુ. મુ. તરીકે નિલેશભાઇ નટવરભાઇ પટેલ | 12-09-2017<br>12-09-2017 | 3687 | દ.નં.2361/2017 માં તારીખમાં સુધારો. |

THE SEAL OF THE SUB REGISTRAR * સબ રજીસ્ટ્રાર સુરત * SURAT-6 (KUMBHARIYA) * (કુંભારીયા) નો સિક્કો * સત્યમેવ જયતે

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) Surat-6
(Kumbharia)